# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-03-2025** **Morning : 7.10 to 7.20**
**Day : WEDNESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હર્ષ લેઉઆ** વાંચે છે.

---

1. **રાજ્યમાં 36 પ્રકારની મહેસૂલી સેવાઓ થકી જાન્યુઆરી-2025 સુધીમાં બે કરોડ 91 લાખથી વધુ દસ્તાવેજો ઓનલાઇન જારી કરાયા**
2. **આગામી 10 દિવસમાં અમદાવાદથી સીધી સોમનાથને જોડતી અત્યાધુનિક સુવિધાસભર વોલ્વો બસ શરૂ કરવાની વાહન વ્યવહાર રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની જાહેરાત.**
3. **અમરેલી જિલ્લા પોલીસે 113 ગુનેગારોની યાદી તૈયાર કરીને અસામાજિક તત્વો સામે મોટાપાયે કાર્યવાહી શરૂ કરી.**
4. **નવ માસથી અવકાશમાં ફસાયેલી અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ હેમખેમ પૃથ્વી પર પરત ફરતાં તેમના વતન ઝુલાસણમાં વહેલી સવારે ઉજવણી.**
5. **દરિયાકિનારના રમતવીરોને પ્લેટફોર્મ પુરૂ પાડવા સોમનાથ ચોપાટી ખાતે બીચ ફેસ્ટિવલનો આરંભ.**

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# VIDHANSABHA

વિધાનસભામાં ગઇકાલે ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપૂતે મહેસૂલ વિભાગની ત્રણ હજાર 259 કરોડ રૂપિયાથી વધુની અંદાજપત્રિય માંગણીઓ રજૂ કરી હતી. જે ગૃહમાં પસાર કરવામાં આવી હતી. મંત્રીએ જણાવ્યું કે, આઇ-ઓરા પોર્ટલ દ્વારા ખેડૂત ખરાઇ, વારસાઇ નોંધ, હયાતી હક્ક તેમજ નમૂના-6, નમૂના 7/12 અને નમૂના 8/Aની નકલો, ડિજિટલ પ્રોપર્ટી કાર્ડ અને સંલગ્ન દસ્તાવેજોની નકલ ઘરે બેઠા ઓનલાઇન મેળવી શકાય છે. આ પ્રકારે અંદાજે 36 પ્રકારની સેવાઓ ઓનલાઇન કરવામાં આવી છે અને જાન્યુઆરી 2025 સુધી બે કરોડ 91 લાખથી વધુ નકલો ઓનલાઇન જારી કરવામાં આવી છે

રાજ્યમાં મહેસૂલી સુધારાની વાત કરતાં મંત્રીએ કહ્યું કે, ખેડૂત ખરાઇના પ્રમાણપત્ર માટેની પ્રક્રિયાઓને સરળ બનાવાતાં 55 ટકા જેટલી અરજી ઘટી છે. પ્રિમીયમ વસૂલ્યા વગર આપેલી બિનખેતી પરવાનગીઓને હવે 10 ટકા પ્રિમીયમ સાથે બિન ખેતીની પરવાનગી કરી આપવામાં આવશે તેવી પણ તેમણે ગૃહમાં વિગતો આપી હતી

વર્ષ ૨૦૨૪માં નોંધણી ફીની આવક બે હજાર 66 કરોડ રૂપિયા થઇ છે અને સ્ટેમ્પ ડયૂટીની આવક 11 હજાર 765 કરોડ થઇ હોવાની માહિતી ગૃહને આપી હતી.

---

# HARSH SANGHVI – SOMNATH – E LOKARPAN

રાજ્ય વાહનવ્યવહાર મંત્રી હર્ષ સંઘવીએ ૧૦ કરોડ રૂપિયાના ખર્ચે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે નવીન ડેપો વર્કશોપનું લોકાર્પણ તથા

આંકોલવાડી નવીન એસ.ટી.બસ સ્ટેશન અને કોડિનાર નવીન ડેપો વર્કશોપનું ઈ-લોકાર્પણ કર્યું છે.

શ્રી સંઘવીએ જણાવ્યું કે , અમદાવાદથી સોમનાથને જોડતી અત્યાધુનિક વોલ્વો બસ આગામી ૧૦ દિવસમાં જ શરૂ કરવામાં આવશે. જેથી ભગવાન શ્રી સોમનાથના દર્શને આવતા લાખો યાત્રાળુઓને લાભ થશે. તેઓએ ઉમેર્યું કે , ગુજરાત એસટી દ્વારા ગત વર્ષે ૨૪ લાખ નાગરિકોને એસટીની સેવા ઉપલબ્ધ કરાવી છે. જે આ વર્ષે વધીને ૨૭ લાખ થઈ છે અને આવનારા વર્ષમાં તેને 30 લાખ સુધી પહોંચાડવાનો લક્ષ્યાંક છે.

તેઓએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા શિવભક્તો સોમનાથ ખાતે ભગવાન ભોળાનાથના દર્શન કરવા માટે સરળતાથી પહોંચી શકે તે માટે રેલ કનેક્ટિવિટી વધારવામાં આવી છે , તો સોમનાથની આસપાસના દિવ અને કેશોદ ખાતે વિમાનની સેવાની ઉપલબ્ધતા પણ વધારવામાં આવી છે.

**(બાઇટ હર્ષ સંઘવી)**

---

# AMRELI POLICE ACTION

અમરેલી જિલ્લા પોલીસે અસામાજિક તત્વો સામે મોટી કાર્યવાહી શરૂ કરી છે. રાજ્યના પોલીસ વડા વિકાસ સહાયે આપેલા આદેશ મુજબ , અમરેલી જિલ્લા પોલીસ વડા સંજય ખરાતે 100 કલાકમાં તોફાની તત્વોની યાદી તૈયાર કરી છે. પોલીસે કુલ 113 વ્યક્તિઓની યાદી તૈયાર કરી છે. આ પૈકી 74 લોકો શારીરિક ગુનાઓમાં સંડોવાયેલા છે. 34 લોકો દારૂ અને જુગાર જેવી પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા છે. આ તમામ લોકો સામે પાસા અને તડીપાર સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

અમરેલી IPS અને ASP જયવીર ગઢવીના જણાવ્યા મુજબ , વ્યાજખોરીમાં સંડોવાયેલા લોકોની યાદી પણ તૈયાર કરવામાં આવી રહી છે. પોલીસ પ્રશાસન RTO, વીજળી વિભાગ અને બેંક સાથે સંકલનમાં રહીને આરોપીઓ સામે પુરાવા એકત્ર કરી રહ્યું છે. નાગેશ્રી પોલીસ સ્ટેશન વિસ્તારમાં 4 વ્યક્તિઓના ગેરકાયદેસર વીજ કનેક્શન શોધી કાઢવામાં આવ્યા છે. PGVCL સાથે મળીને આ કનેક્શન કાપી નાખવામાં આવ્યા છે અને ગુનો દાખલ કરવામાં આવ્યો છે. પોલીસે જિલ્લાના તમામ તાલુકા, શહેર અને ગ્રામ્ય વિસ્તારના ગુંડા તત્વોનો સમાવેશ આ યાદીમાં કર્યો છે. ગેરકાયદેસર દબાણ કરનારા માથાભારે તત્વોની પણ ખાનગી તપાસ ચાલી રહી છે.

---

## TAPI – DIPADO

તાપી જિલ્લો આશરે 30 ટકા જંગલોથી ઘેરાયેલો જિલ્લો છે, અહીં વન્ય જીવો સહેલાઇથી નજરે પડી જતા હોય છે. છેલ્લા 10 દિવસો દરમ્યાન સુરત, નવસારી અને તાપી જિલ્લામાં દીપડાના હુમલાઓમાં છ જેટલા લોકો ઘાયલ થયા છે. આ તમામ બનાવોમાં જાનહાનીના કોઈ અહેવાલ નથી. વન વિભાગ દ્વારા દીપડાઓને પકડવા માટે પાંજરાઓ મુકાયા છે. તાપી જીલાના વન અધિક્ષક સચિન ગુપ્તાએ વધુ માહિતી આપી.

**બાઈટ - સચિન ગુપ્તા (વન અધિક્ષક, તાપી)**

---

# DWARKA DEMOLITION

દ્વારકાના પ્રખ્યાત રૂક્ષ્મણી માતાજીનાં મંદિરની આસપાસનાં વિસ્તારોમાં ગઈકાલથી દબાણ હટાવ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. સરકારી જમીનો પર છેલ્લાં બે મહિનાથી દબાણ કરનારા સાથે અગાઉ ચર્ચા કર્યા બાદ વહીવટી તંત્રએ કાચા, પાકા મકાનો અને ઝૂંપડાઓ તોડ્યા હતા. વહીવટી તંત્ર , નગરપાલિકા દ્વારા પોલીસ સુરક્ષા વચ્ચે કામગીરી શરૂ કરવામાં આવી છે.

---

# BANASKANTHA FOOD AND DRGU PENALTY

પાલનપુર અને ડીસાના દૂધ ,ઘી, તેલ અને માવાના નવ વેપારીઓના નમૂના પરિક્ષણમાં નિષ્ફળ જતાં 47 લાખ 50 હજાર રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે.

ખોરાક અને ઓષધિ વિભાગે લીધેલા નમૂના નિષ્ફળ જતાં નાયબ કલેકટરે 22 કેસોમાં આ દંડ ફટકાર્યો છે , જેમાં મહેસાણાની વિમલ ઓઇલ , પાલનપુરની સધીમાં ડેરી, કાણોદરની નાકોડા એન્ટપ્રાઈઝ અને ડીસાના વેપારી અંકુર મોદીનો સમાવેશ થાય છે.

---

# SUNITA WILLAMS RETURNS CELBRATIONS

નવ માસથી અવકાશમાં ફસાયેલા અવકાશયાત્રી સુનિતા વિલિયમ્સ અને બુચ વિલ્મોર પૃથ્વી પર સુરક્ષિત રીતે પાછા ફર્યા છે. સ્પેસએક્સના કેપ્સ્યુલ અવકાશયાનનું અમેરિકાના ફ્લોરિડાના સમુદ્રમાં સફળ ઉતરાણ થયું હતું. વહેલી

**સવારે સફળ ઉતરાણ થતાની સાથે જ સુનિતા વિલિયમ્સના પોતાના વતન મહેસાણાના ઝુલાસણમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.ઝુલાસણ ગામના લોકોએ ફટકાડવા ફોડીને તેમના પૃથ્વિ ઉપર પરત ફરવાના પ્રસંગને વધાવ્યો હતો અને તેમના સુનિતા વિલિયમ્સના સારા સ્વાસ્થ્યની પણ પ્રાર્થના કરીને માતાજીના મંદિરે વિશેષ આરતી ઉતારી હતી. ઝુલાસણ સહિત રાજ્યભરના લોકોમાં આનંદ અને ઉત્સાહ જોવા મળ્યો હતો.**

---

# BEACH FESTIVAL – SOMNATH

**ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સોમનાથ મંદિરની નજીક દરિયા કિનારે રાજયમાં પ્રથમ વખત યોજાઈ રહેલા બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવ્યો છે. આ ત્રણ દિવસ રમતોત્સવમાં અંદાજિત 1 હજાર 700 જેટલા ખેલાડીઓ ભાગ લેશે.**

**શ્રી સંઘવીએ કહ્યું કે બીચ સ્પોર્ટ્સ ફેસ્ટિવલને લીધે દરિયા કિનારાના યુવા ખેલાડીઓને મોટું પ્લેટફોર્મ મળી રહેશે. આ વિશે સોમનાથ જિલ્લા કલેકટરે વધુ માહિતી આપી.**

## (બાઇટ – દિગ્વિજય જાડેજા – કલેકટર)

---

# WEATHER

**હવામાન વિભાગે રાજ્યમાં આગામી ચાર દિવસ વાતાવરણ શુષ્ક રહેવાની સંભાવના વ્યક્ત કરી છે. રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારમાં ગરમ ભેજયુક્ત પવનોને કારણે દિવસ દરમિયાન સમગ્ર રાજ્યમાં બફારો અનુભવાશે. આગામી અઠવાડિયામાં અનેક જિલ્લાઓ માં ગરમીનો પારો 40 ડિગ્રી સેલ્સિયસને વટાવી જશે.**

---

# KUTCH JIRU

પૂર્વ કચ્છના વાગડ વિસ્તારમાં નર્મદાના નીરથી ખેડૂતો ત્રણેય ઋતુઓના પાક લેતા થયા છે. આ વર્ષે વાગડ વિસ્તારમાં જીરૂનો પાક મબલખ પાક થતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે.

આ અંગે અમારા સંવાદદાતા રામજી મેરીયાએ વધુ માહિતી આપી.

**(બાઈટ - રામજી મેરીયા)**

---